# વાલ્મીકિ રામાયણ અને તુલસીદાસકૃત રામચરિતમાનસમાં જોવા મળતા ફેરફારો

ડૉ.રઘુભાઇ કાનજીભાઇ પટેલ
સંસ્કૃત વિભાગ
ધી કે.એન.એસ.બી.એલ.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેરાલુ.

મૂળ રામાયણ તે વાલ્મીકિ રામાયણ ગણાય છે .વાલ્મીકિ રામાયણમાંથી પ્રેરણા લઈને સંત તુલસીદાસે રામચરિતમાનસ જેવા મહાકાવ્યની રચના કરી છે, જે વાલ્મીકિ દ્વારા સંસ્કૃત ભાષામાં રચાયેલ રામાયણનું હિંદી સંસ્કરણ છે, જે મૂળ અવધી ભાષામાં લખાયેલું છે .રામચરિતમાનસમાં હિંદુ આદર્શોનું ઉત્કૃષ્ટ વર્ણન કરેલું છે .આથી જ તેને હિંદુ ધર્મના પ્રમુખ ગ્રંથ હોવાનું શ્રેય પ્રાપ્ત થયેલ છે .તથા પ્રત્યેક હિંદુ પરિવારમાં ભક્તિભાવ સાથે તેનું પઠન-પાઠન કરવામાં આવે છે . રામાયણ શબ્દની સંધિ છોડીએ તો રામ+અયન અર્થાત્ રામની જીવનયાત્રાનું અહીં વર્ણન કરેલ છે, તેવો અર્થ પ્રાપ્ત થાય છે.

સનાતન ધર્મના ધાર્મિક લેખક તુલસીદાસજીના મતે સર્વપ્રથમ શ્રીરામની કથા ભગવાન શંકરે માતા પાર્વતીને સંભળાવી હતી .જ્યાં ભગવાન શીવ પાર્વતીને શ્રીરામની કથા સંભળાવી રહ્યા હતા, ત્યાં કાગડાનો એક માળો હતો .તેની અંદર બેઠેલ કાગડો પણ તે કથા સાંભળી રહ્યો હતો .કથા પૂરી થાય તે પહેલાં માતા પાર્વતીને ઊંઘ આવી ગઈ .પરંતુ તે કાગડાએ સંપૂર્ણ કથા સાંભળી .આથી તે પક્ષીનો પુનર્જન્મ 'કાકભુશન્ડિ'ના રૂપે થયો .કાકભુશન્ડિએ આ કથા ગરુડને સંભળાવી . ભગવાન્ શંકરના મુખમાંથી નીકળેલ શ્રીરામની આ પવિત્ર કથા અધ્યાત્મ રામાયણના નામે આજે પ્રસિદ્ધ છે .એક મતાનુસાર અધ્યાત્મ રામાયણને જ વિશ્વનું સર્વપ્રથમ રામાયણ માનવામાં આવે છે .હૃદયપરિવર્તન થવાને લીધે એક લુટારામાંથી ઋષિ બનીને જ્ઞાનપ્રાપ્તિ થયા બાદ વાલ્મીકિએ ભગવાન શ્રીરામની આ કથાને ફરીથી શ્લોકબદ્ધ કરી .આમ મહર્ષિ વાલ્મીકિ દ્વારા શ્લોકબદ્ધ ભગવાન રામની કથાને 'વાલ્મીકિ રામાયણ' તરીકે ઓળખવામાં આવે છે .વાલ્મીકિને આદિ કવિ કહે છે તથા વાલ્મીકિ રામાયણને આદિ રામાયણ તરીકે ઓળખવામાં આવે છે.

ભારત દેશમાં વિદેશીઓની સત્તા પ્રસ્થાપિત થવાને લીધે સંસ્કૃત ભાષાનું મહત્વ ઘટતું ગયું .ભારતના લોકો ઉચિત જ્ઞાનના અભાવને લીધે તથા વિદેશી સત્તાના પ્રભાવને લીધે પોતાની સંસ્કૃતિને ભૂલતા ગયા .આવી સ્થિતિને વિકટ પરિસ્થિતિ જાણીને જનજાગરણ માટે મહાજ્ઞાની સંત શ્રીતુલસીદાસે પુન :એકવાર ભગવાન શ્રીરામની કથાને દેશી ભાષામાં લિપિબદ્ધ કરી .જેને 'રામચરિતમાનસ' તરીકે ઓળખવામાં આવે છે .વીસમી સદીમાં થયેલા મોરારીબાપુ રામાયણની કથા કહેવા માટે પ્રખ્યાત છે .૧૯૮૭-૮૮માં રામાનંદ સાગરે રામાયણ પરથી ટી.વી .સીરીઝ બનાવી હતી, જે ખૂબ જ લોકપ્રિય થઈ હતી.

રામાયણનો સમય ત્રેતાયુગમાં માનવામાં આવે છે .ભારતીય કાળગણના અનુસાર સમયને ચાર યુગમાં વિભાજિત કરેલ છે : સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ .એક કલિયુગ ૪,૩૨,૦૦૦ વર્ષનો હોય છે .દ્વાપરયુગ ૮,૬૪,૦૦૦ વર્ષનો, ત્રેતાયુગ ૧૨,૯૬,૦૦૦ વર્ષનો તથા સતયુગ ૧૭,૨૮,૦૦૦ વર્ષ) વર્તમાન કલિયુગના ૫,૨૫૦ વર્ષ તથા વીતેલા દ્વાપરયુગના ૮,૬૪,૦૦૦ વર્ષ (પૂર્વેનો માની શકાય .મોટાભાગના વિદ્વાનો રામાયણનો સમય ઈ.સ .પૂર્વે ૮૦૦૦ વર્ષનો સ્વીકાર કરે છે .જે ચોક્કસ આધાર વિનાનો છે .વળી કેટલાક વિદ્વાનો તેનાથી પણ જૂનો સમય ગણાવે છે. ભગવાન રામને મુખ્યત્વે બે ગ્રંથો સમર્પિત થયેલા છે) :૧ (વાલ્મીકિ કૃત રામાયણ અને) ૨ (તુલસીદાસ રચિત

શ્રીરામચરિતમાનસ .તદુપરાંત બીજા અન્ય ગ્રંથો પણ લખાયેલા છે .પરંતુ આ બધામાં વાલ્મીકિ કૃત રામાયણને સૌથી વધારે પ્રમાણિત માનવામાં આવે છે .પરંતુ શ્રીરામચરિતમાનસ અને રામાયણમાં કેટલીક બાબતોનો તફાવત જોવા મળે છે .વળી કેટલીક બાબતો એવી પણ છે, જેનું વર્ણન માત્ર વાલ્મીકિ કૃત રામાયણમાં જ જોવા મળે છે.

- તુલસીદાસ દ્વારા રચિત રામચરિતમાનસમાં એવું વર્ણન છે કે ભગવાન શ્રીરામે સીતાસ્વયંવરમાં શિવધનુષ્યને ઉઠાવ્યું અને પણછ ચઢાવતી વખતે તે તૂટી ગયું .જો કે વાલ્મીકિ કૃત રામાયણમાં સીતાસ્વયંવરનું વર્ણન નથી . રામાયણ અનુસાર ભગવાન રામ અને લક્ષ્મણ ઋષિ વિશ્વામિત્ર સાથે મિથિલા ગયા હતા .વિશ્વામિત્રે રાજા જનકને તે શિવધનુષ્ય રામને બતાવવા કહ્યું હતું ત્યારે ભગવાન શ્રીરામે રમત રમતમાં જ શિવધનુષ્યને ઉઠાવી લીધું અને પણછ ચઢાવતી વખતે તે તૂટી ગયું .રાજા જનકે એવું નક્કી કર્યું હતું કે જે વ્યક્તિ આ શિવધનુષ્યને ઉઠાવશે, તેની સાથે પોતાની પુત્રી સીતાનો વિવાહ કરશે.
- ઉર્મિલા જ જનક રાજાની પુત્રી છે .સીતા તેમને જમીનમાંથી પ્રાપ્ત થયેલી છે .જ્યારે માંડવી અને શ્રુતકીર્તિ જનકના ભાઈ કુશધ્વજની પુત્રીઓ છે.
- રામાયણના મતે રાજા દશરથે પુત્રપ્રાપ્તિ માટે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો હતો .આ યજ્ઞને ઋષિ ઋષ્યશ્રૃંગે સંપન્ન કર્યો હતો . ઋષ્યશ્રૃંગના પિતાનું નામ મહર્ષિ વિભાંડક હતું .એક દિવસ તેઓ નદીમાં સ્નાન કરી રહ્યા હતા, ત્યારે નદીમાં તેમના વીર્યનું સ્ખલન થયું .તે જળને એક હરણીએ પીધું હતું, જેના ફળ સ્વરૂપે ઋષિ ઋષ્યશ્રૃંગનો જન્મ થયો હતો.
- વિશ્વવિજય પ્રાપ્ત કરવા માટે જ્યારે રાવણ સ્વર્ગલોકમાં પહોંચ્યો, તો ત્યાં રંભા નામની અપ્સરા તેની નજરે પડી . પોતાની વાસના પૂરી કરવા માટે રાવણે તેને પકડી .ત્યારે તે અપ્સરાએ કહ્યું કે આપ મને આ રીતે સ્પર્શ કરવા માટે યોગ્ય નથી, કારણ કે હું આપના મોટા ભાઈ કુબેરના પુત્ર નલકુબેરને મનથી વરી ચૂકી છું .આથી હું આપની પુત્રવધૂ સમાન છું .પરંતુ રાવણે તે વાત સ્વીકારી નહિ અને તેણે રંભા સાથે દુર્વ્યવહાર આચર્યો .આ વાતની જ્યારે નલકુબેરને ખબર પડી ત્યારે તેણે રાવણને શ્રાપ આપ્યો કે આજથી રાવણ કોઈ પણ સ્ત્રીને તેની અનિચ્છાએ સ્પર્શ કરશે તો તેના મસ્તકના સો ટૂકડા થઈ જશે.
- વળી આ વાત પણ બધા જાણે છે કે લક્ષ્મણ દ્વારા શૂર્પણખાના નાક-કાન કાપવાને લીધે ગુસ્સે થઈને રાવણે સીતાનું અપહરણ કર્યું હતું .જો કે સ્વયં શૂર્પણખાએ પણ રાવણને સર્વનાશ થવાનો શ્રાપ આપ્યો હતો .કારણ કે શૂર્પણખાના પતિનું નામ વિદ્યુતજિહ્વ હતું અને તે કાલકેય નામના રાજાનો સેનાપતિ હતો .રાવણ જ્યારે વિશ્વયુદ્ધ કરવા નીકળ્યો ત્યારે કાલકેય સાથે તેને યુદ્ધ થયું હતું .આ યુદ્ધમાં રાવણે વિદ્યુતજિહ્વનો વધ કર્યો હતો .આથી શૂર્પણખાએ રાવણને મનોમન શ્રાપ આપ્યો હતો કે મારે કારણે તારો સર્વનાશ થશે.
- રામચરિતમાનસ પ્રમાણે સીતાસ્વયંવર વખતે ભગવાન પરશુરામ ત્યાં આવ્યા હતા .જો કે રામાયણ મુજબ સીતાના વિવાહ થયા પછી જ્યારે શ્રીરામ અયોધ્યા પાછા ફરી રહ્યા હતા ત્યારે પરશુરામ ત્યાં આવ્યા હતા .અને તેમણે શ્રીરામને પોતાના ધનુષ્ય ઉપર બાણ ચઢાવવા માટે કહ્યું હતું .શ્રીરામે બાણ ચઢાવતાં પરશુરામ ત્યાંથી ચાલ્યા ગયા હતા.
- વાલ્મીકિ રામાયણ મુજબ એક વખત રાવણ પોતાના પુષ્પક વિમાનમાં બેસીને જઈ રહ્યો હતો, ત્યારે તેણે એક સુંદર સ્ત્રી જોઈ, જેનું નામ વેદવતી હતું .તે ભગવાન વિષ્ણુને પતિરૂપે પ્રાપ્ત કરવા તપ કરી રહી હતી .રાવણે તેના વાળ પકડ્યા અને પોતાની સાથે આવવા કહ્યું ત્યારે તે તપસ્વી નારીએ ત્યાં જ પોતાનો દેહત્યાગ કર્યો અને રાવણને શ્રાપ આપ્યો કે એક સ્ત્રીને કારણે જ તારું મૃત્યુ થશે .એ જ સ્ત્રીએ બીજા જન્મમાં સીતારૂપે જન્મ ધારણ કર્યો હતો.
- હિંદુ ધર્મમાં તેત્રીસ કરોડ દેવી-દેવતાઓની માન્યતા છે, જો કે રામાયણના અરણ્યકાંડમાં ચૌદમા સર્ગના ચૌદમા શ્લોકમાં ફક્ત તેત્રીસ દેવતાઓની વાત કરી છે .તેના અનુસાર બાર આદિત્ય, આઠ વસુ, અગિયાર રૂદ્ર અને બે અશ્વિનીકુમાર એમ કુલ તેત્રીસ દેવતાઓ છે.
- સીતાનું અપહરણ કરતી વખતે જટાયુ નામના ગીધે રાવણને રોકવાનો પ્રયાસ કર્યો હતો .રામાયણ પ્રમાણે જટાયુના પિતા અરુણ છે અને આ અરુણ ભગવાન્ સૂર્ય દેવના રથના સારથી છે.
- રામચરિતમાનસના મતે સમુદ્ર લંકામાં જવા માટે રસ્તો આપતો ન હતો, તેથી લક્ષ્મણ ખૂબ જ ગુસ્સે થઈ ગયા હતા .જો કે વાલ્મીકિ રામાયણમાં એવું વર્ણન આપેલ છે કે માત્ર લક્ષ્મણ નહિ, પરંતુ ભગવાન શ્રીરામ પણ સમુદ્ર

પર ગુસ્સે થયા હતા .તથા તેમણે સમુદ્રને શુષ્ક બનાવી દેવા માટેના બાણ પણ છોડી દીધા હતા .ત્યારે લક્ષ્મણે અને અન્ય લોકોએ રામને સમજાવવા માટેનો પ્રયત્ન કર્યો હતો.

- એ બાબત બધા જાણે છે કે સમુદ્ર ઉપર પુલનું નિર્માણકાર્ય નલ અને નીલ નામના વાનરોએ કર્યું હતું .કારણ કે તેમને શ્રાપ મળેલ હતો કે તેઓ જે વસ્તુ પાણીમાં ફેંકશે તે વસ્તુ પાણીમાં ડૂબશે નહિ .જો કે વાલ્મીકિ રામાયણના મતાનુસાર નલદેવતાઓનો શિલ્પી વિશ્વકર્માનો પુત્ર હતો અને તે પોતે શિલ્પ કલામાં નિપૂણ હતો .પોતાની આ કલા દ્વારા જ તેણે સમુદ્ર ઉપર પુલ બોંધ્યો હતો.
- કેટલાક પ્રસંગો મૂળ રામાયણમાં પ્રાપ્ત થતા નથી, પાછળથી ઉમેરી દેવામાં આવ્યા છે .જેમ કે અહલ્યા પત્થરની મૂર્તિ બની ગઇ તે પ્રસંગ વાલ્મીકિ રામાયણમાં નથી .અહલ્યાને છોડીને ગૌતમ મુનિ ચાલ્યા જાય છે .પછી અહલ્યા એકલવાયું જીવન જીવે છે, જેમાં તે કોઇની સાથે બોલતી નથી .વિશ્વામિત્ર રામને તેના આશ્રમમાં લઇ આવે છે . જેથી અહલ્યા ફરીથી પ્રસન્ન ચિત્તવાળી બને છે .અને ગૌતમ મુનિ તેને ફરીથી સ્વીકારી લે છે .રામનું પત્થરની મૂર્તિને પગથી સ્પર્શ કરવો વગેરે રૂપક પણ કલ્પના જ છે.
- કૈકેયી કોઇ યુદ્ધ વખતે ઘાયલ દશરથને બચાવી દૂર લઇ જાય છે .રથના પૈડામાં આંગળી નાખવાની વાત વાલ્મીકિ રામાયણમાં નથી .આ જ રીતે ગંગા પાર કરતી વખતે કેવટનો પ્રસંગ પણ તુલસીદાસની કલ્પના જ છે .જ્યારે વાલ્મીકિ રામાયણમાં ગુહ રાજાના નાવિકો રામને ગંગા પાર કરાવે છે.
- આ જ રીતે પંચવટીમાં સીતાનો અગ્નિપ્રવેશ અધ્યાત્મ રામાયણમાં બતાવેલ છે, જે વાલ્મીકિ રામાયણમાં નથી.
- લક્ષ્મણ જ્યારે રામને શોધવા સીતાને એકલા મૂકી જાય છે, ત્યારે સીતા ઘરની બહાર હોય છે .લક્ષ્મણ રેખાનો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણમાં કરેલ નથી .રાવણ બ્રાહ્મણનો વેશ ધારણ કરી સીતાને જોવા આવે છે, તે ભિક્ષા માગવા આવતો નથી .આતિથ્ય સત્કારના ધર્મ મુજબ સીતા તેને કંદ, મૂળ, ફળો વગેરે આપે છે .રાવણ સીતાને પોતે રાવણ હોવાનું અને પોતાની સાથે ચાલી નીકળવાનું કહે છે .જે વાતનો સીતા અસ્વીકાર કરે છે .આથી રાવણ તેને કેડેથી પકડીને ચાલતો થાય છે અને પોતાના રથમાં લઇ જાય છે .વળી રાવણ એકલો હોતો નથી; પરંતુ તેની સાથે તેના સેવકો અને સારથી પણ હોય છે .જેમનો જટાયુ સાથેના યુદ્ધમાં નાશ થાય છે .
- વળી રામ શબરીને મળવા જાય છે ત્યારે શબરી ફળો વગેરે આપી તેમનું સ્વાગત કરે છે .શબરીના એઠા બોર ખાવા તે કોઇ કવિની કલ્પના છે.

આમ, રામાયણ ત્રેતાયુગમાં જન્મેલા રાજા રામની જીવનકથા છે .ઉત્તરભારતમાં અયોધ્યાના રાજા દશરથના ચાર પુત્રોમાં રામ સૌથી મોટા પુત્ર છે .આ જ સમયગાળામાં લંકામાં રાજા રાવણનું રાજ્ય હતું .રાવણ સમગ્ર પૃથ્વી પર રાજ્ય કરતો હતો અને રામાયણમાં તેને એક અત્યારી રાજા તરીકે વર્ણવવામાં આવ્યો છે .રામાયણના સમયમાં પૃથ્વી પર જુદી જુદી જાતિઓ અસ્તિત્વ ધરાવતી, અમુક નિષ્ણાતોના મતે આ બધી માનવ જાતિઓ હતી .જ્યારે વાલ્મીકિ રામાયણમાં આ વિશે કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી .મનુષ્ય, દેવ, કિન્નર, ગાંધર્વ, નાગ, કિરાત, વાનર, અસુર, રાક્ષસ આ બધી જુદી જુદી માનવજાતિઓ હોઇ શકે છે .પરંતુ દરેક સમૂહની વિશિષ્ટ શક્તિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે .જે સામાન્ય માનવ માટે અસંભવિત જણાય .જેમ કે ઉડવું, પર્વત કે શિલા ઉંચકવી, વિમાનમાં ફરવું, શરીરનું રૂપ બદલવું વગેરે . રામાયણનો પહેલો અને અંતિમ કાંડ પાછળથી જોડવામાં આવ્યા હોય તેવી સંભાવના છે .અધ્યાય બીજાથી સાતમા સુધી મોટેભાગે રામને વિષ્ણુના અવતાર ગણવાની બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

**સંદર્ભ**

૧. શ્રી વાલ્મીકિ રામાયણ – પ્રવીણ પુસ્તક ભંડાર, અમદાવાદ.
૨ અધ્યાત્મ રામાયણ
૩ रामचरितमानस- गीताप्रेस, गोरखपुर
૪. वाल्मीकि रामायण-देहाती पुस्तक भंडार, दिल्ली
૫. श्रीमदवाल्मीकिय रामायण- गीताप्रेस, गोरखपुर
૬. રામાયણ રહસ્ય.
૭. જીવન રાહ બતાવે રામાયણ.